ગાંધીનગર સમાચાર



# જિલ્લાનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ૫૬.૧૬ ટકા

**ડિપોઝીટમાં ઘટાડો અને ધિરાણમાં વધારો નોંધાયો : લોકોના બચતના અભિગમમાં આવેલો બદલાવ બેંકિંગ માટે પડકાર : નબળા અને ગરીબ વર્ગના ધિરાણમાં ઘટાડો : સરકાર સહાયીત યોજનાઓમાં બેંકોનો નકારાત્મક અભિગમ યથાવત : ધિરાણોના વર્ગીકરણમાં પણ નિષ્કાળજી**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાનો ક્રેડિટ ડીપોઝીટ રેસિયો સપ્ટે. ૨૦૧૫ને અંતે ૫૬.૧૬ ટકા નોંધાયો છે જે સપ્ટે. ૨૦૧૪માં નોંધાયેલા ૪૪.૧૪ ટકાની સામે ૧૨.૨૨ ટકા જેટલો વધારો દર્શાવે છે.

ગાંધીનગર જિલ્લામાં સપ્ટેમ્બર-૨૦૧૪ની તુલનામાં સપ્ટે. ૨૦૧૫ દરમ્યાન ડિપોઝીટોમાં ૧૧૧૪ કરોડનો ઘટાડો નોંધાયો છે. જે ડિપોઝીટોમાં નકારાત્મક વિકાસ ૫.૦૬ ટકા છે. જિલ્લામાં લોનમાં વધારો ૨૧.૨૦ ટકા નોંધાયો છે.

છેલ્લા વર્ષની સપ્ટે. ૨૦૧૪ના અંતિત સરખામણી કરીએ તો ૧૧ નવી બેંકોની શાખાઓ જિલ્લામાં ખોલવામાં આવી છે. અહિ ડિપોઝીટની રકમમાં ૧૧૧૪ કરોડનો ઘટાડો નોંધાયો છે. લોન રૂ. ૨૦૫૭ કરોડ જેટલી વધવા પામી છે જેની અંદર પ્રાયોરીટી સેક્ટર લોન રૂ. ૧૩૨૪ કરોડનો સમાવેશ થાય છે.

બેંકિંગ ક્ષેત્રના વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નેટ પ્રાયોરીટી સેક્ટરની લોન રૂ. ૧૩૨૪ કરોડ વધી જે પૈકી ૩૨૫ કરોડ કૃષિક્ષેત્રે, ૯ કરોડ હાઉસીંગક્ષેત્રે, ૮૩૮ કરોડ મધ્યમ, લઘુ અને નાના ઉદ્યોગક્ષેત્રે, ૩૭ કરોડ શિક્ષણક્ષેત્રે, ૭૧૫ કરોડ અન્ય ક્ષેત્રોમાં ધિરાણ વધ્યુ છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે નબળાવર્ગના લોકોને ધિરાણનો કુલ ધિરાણમાં ઘટાડો થયો છે. વિકર સેક્શનની લોન અને પ્રાયોરીટી સેક્ટરની લોનનો રેસિયો પણ ૩.૧૪ ટકા ઘટીને ૧૧.૩ ટકા થયો છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે મોટાભાગના બધા જ રેસિયો રાષ્ટ્રીય લક્ષ્યાંક કરતાં નીચા છે. એટલે કે ક્રેડિટ-ડિપોઝીટ રેસિયો, કુલ ધિરાણની સરખામણીએ કૃષિ ધિરાણ, કુલ ધિરાણની સરખામણીએ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

દિશાદર્શક બોર્ડ ખોવાયા - શહેરમાં ઠેર ઠેર આ પ્રકારના દશ્યો જોવા મળે છે... એક તરફ જુદી જુદી ડિઝાઈનમાં દિશાદર્શક બોર્ડ લગાવાઈ રહ્યા છે, તો બોર્ડની આગળ વૃક્ષની ડાળીઓ જુકીને બોર્ડની દશા બદલી નાખે છે... સિવિલ હોસ્પિટલ અને એસ.ટી. ડેપો જેવા મહત્વના સ્થાનો પર બોર્ડની આ હાલતથી રાહદારીઓ ભારે હાલાકીમાં મુકાય છે... કોણ હટાવશે ડાળીઓ અને કોણ કરશે ચિંતા બોર્ડની... ???

# શહેરમાં શીત લહેર : પારો ૮.૨ ડિગ્રી

**સતત ફૂંકાતા ઠંડા પવનોના કારણે વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહે છે : માર્ગો-બજારો સુમસામ બન્યા**

ગાંધીનગર, તા. ૧૬

છેલ્લા કેટલાય દિવસોથી ગાંધીનગરાઓ આકરી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. સતત ફૂંકાતા રહેતા ઠંડા પવનોથી વસાહતીઓ ધ્રુજી ઉઠ્યા છે. આકરી ઠંડીની અસર હેઠળ બજારો અને જાહેર માર્ગો સુમસામ બન્યા છે.

સમગ્ર ગુજરાતમાં ઠંડીનો પ્રકોપ યથાવત રહ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાન ૭ થી ૧૫ ડિગ્રીની વચ્ચે રહ્યું છે. સતત ફૂંકાતા રહેતા પવનોના કારણે હાલત વધુ કફોડી બની છે. ગાંધીનગરમાં છેલ્લા એક અઠવાડિયાથી ઠંડીનો પ્રકોપ યથાવત રહ્યો છે. સૂર્યાસ્ત બાદ તો ઠંડીનું પ્રમાણ વધતા રાત્રે બહાર નીકળવુ મુશ્કેલ બન્યું છે. અનિવાર્ય સંજોગો સિવાય વસાહતીઓ સાંજ પછી ઘરની બહાર નીકળતા જ નથી. જેના કારણે શહેર સુમસામ લાગે છે. બજારો પણ વહેલા બંધ થઈ જાય

● અનુસંધાન પાન-૭ પર



# ગાંધીનગરના રાંદેસણમાં એનએસજીનું હબ બનશે

**ગાંધીનગરમાં ૩૩ એકર જમીન ફાળવી દેવાઈ : સરકારના ગૃહમંત્રાલયને ટોકન દરેથી જમીન આપવાની સૈદ્ધાંતિક મંજુરી**

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નેશનલ સિક્યુરીટી ગાર્ડ-એનએસજીના હબ સ્ટેશન નિર્માણ માટે ગાંધીનગર માટે ગાંધીનગર જિલ્લાના રાંદેસણ ગામમાં ૧,૩૩,૫૯૧ ચો.મીટર જમીન ફાળવવાનો નિર્ણય કર્યો છે. ગુજરાત સરકારે આ જમીન કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયને ટોકન દરેથી આપવાની સૈધ્ધાંતિક મંજુરી પણ આપી છે.ગુજરાત જેવા આંતરરાષ્ટ્રીય સરહદો તથા સમુદ્રી સીમાથી જોડાયેલા સંવેદશીલ રાજયમાં આ એનએસજી હબનું નિર્માણ સુરક્ષાસલામતીનું વધુ સુદ્રઢ કરનારૂ બની રહેશે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ બુધવારે નવી દિલ્હી જવાના હોવાથી મંત્રીમંડળની બેઠક મંગળવારે મોડી સાંજે યોજાઈ હતી. આ અંગે સત્તાવાર સુત્રોએ જણાવ્યું હતું કે, કેબિનેટમાં એનએસજીના રિજિયોનલ હબ માટે રણાસણની ૨૫ એકર જમીન એક રૂપિયાના ટોકન દરે ફાળવવાના નિર્ણયને બહાલ રાખવામાં આવ્યો છે. આ જમીન એનએસજી દ્વારા જ પસંદ કરવામાં આવી હતી. ફાળવણીના સંદર્ભમાં સરકારે જરૂરી તમામ કાર્યવાહી પૂર્ણ કરી છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૧ની સાલથી એનએસજીનું હબ ગુજરાતમાં અને તે પણ ગાંધીનગરમાં સ્થાપવા માટે રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટરોમાં ગટરોની ફરિયાદ નિવારવા ભાડાનું મશીન દોડશે

**સુપર શફર મશીન ખરીદવા દોડ કરોડનો ખર્ચ થાય તેમ છે ત્યારે સેમી શફર રાફ્ટ માટે દર મહીને ૪ લાખ ખર્ચાશે**

ગાંધીનગર, તા. ૧૬

શહેરના સેક્ટરોમાં ગટરો ઉભરાતી હોવાની વ્યાપક ફરિયાદો અપાતા તંત્રકક્ષાએ હવે ભાડેથી મશીન કાર્યરત કરવા ખાનગી એજન્સીને કોન્ટ્રાક્ટ આપવાની શિરદર્દ સમાન બની છે. સેક્ટરોમાં છાશવારે ગટરનું દૂષિત પાણી ફરી વળે છે. સેક્ટરોમાં ગટરલાઈનની ફરિયાદ ઉભરાવવાની ફરિયાદોનુ ઝડપી નિરાકરણ લાવવા પ્રતિમાસ રૂ. ૪ લાખનો ખર્ચ કરવામાં આવશે. હાલની સ્થિતિએ મશીનરીના અભાવે ચોકઅપ થયેલી ગટરલાઈનની યોગ્ય સફાઈ થઈ શકતી ન હોવાથી વારંવાર ગટરો ઉભરાવવાની ફરિયાદો ઉદ્દભવે છે. જ્યારે મશીનના આધારે વધુ અસરકારક કામગીરી થઈ શકશે તેમ પણ મનાઈ રહ્યું છે.

નિવારવા તંત્ર દ્વારા અગાઉ સુપર રાફ્ટ મશીન ખરીદવાની દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ અંદાજિત દોઢ કરોડની કિંમતનું આ મશીનની દરખાસ્તને મંજુરી ન ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જેની પાછળ પ્રતિમાસ રૂ. ૪ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

શહેરમાં ગટરો ઉભરાવવાની ફરિયાદો સેક્ટરવાસીઓ માટે નિવારવા તંત્ર પાસે હાલ પર્યાપ્ત મેનપાવર અને મશીનરીનો અભાવ વર્તાય છે. ત્યારે અમદાવાદ કોર્પોરેશન વિસ્તારની જેમ સુપર રાફ્ટ મશીન ખરીદવા માટે પણ અગાઉ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી.

સુપર રાફ્ટ મશીન મોંઘુ હોવાથી હાલ આ પ્રકારનું મીની મશીન ભાડેથી કાર્યરત કરવા એજન્સીને કોન્ટ્રાક્ટ આપવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ૬ મહીનાના આ કોન્ટ્રાક્ટ માટે અંદાજિત રૂ. ૨૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. અલબત્ત સેક્ટરોમાં ગટરો




**બેસણું**

મારા ધર્મપત્ની અ.સૌ. ચંદ્રકુંવરબા કિશોરસિંહ ઝાલા તા.૧૨-૧૨-૨૦૧૫ ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્દગતનું બેસણું તા. ૧૮-૧૨-૨૦૧૫ ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મકાન નં. ૧૭, મેઘધનુષ્ય સોસાયટી, વિભાગ-૩, રીલાયંસ કોલેજની બાજુમાં, સરગાસણ રોડ ગાંધીનગર. મો. ૯૮૨૪૪૩૫૬૩૩

લિ.

કિશોરસિંહ વજુભા ઝાલા
મહેન્દ્રસિંહ વજુભા ઝાલા (દિયર)
ઈન્દ્રવિરસિંહ વજુભા ઝાલા (દિયર)
મુ.જાખણ,તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર

બ્રિજરાજસિંહ મહેન્દ્રસિંહ ઝાલા (ભત્રીજા)
કુલદિપસિંહ કિશોરસિંહ ઝાલા (પુત્ર)
વિરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ ઝાલા (ભત્રીજા)
હાર્દિકસિંહ ઈન્દ્રવિરસિંહ ઝાલા (ભત્રીજા)



**બેસણું**



**સ્વ. પ્રતાપલક્ષ્મી મધુસૂદન ભટ્ટ**

જન્મ : ૧૧-૦૭-૧૯૩૪ | નિર્વાણ : ૧૪-૧૨-૨૦૧૫

અમારા **માતુશ્રી પ્રતાપલક્ષ્મી મધુસૂદન ભટ્ટ**નું તા. ૧૪-૧૨-૨૦૧૫ને સોમવારના રોજ ૮૨ વર્ષની વયે દુઃખદ નિધન થયું છે. સ્વર્ગસ્થનું **બેસણું તા. ૧૭-૧૨-૨૦૧૫**ને ગુરૂવારના રોજ **સવારે ૯ થી ૧૧** દરમિયાન રાખ્યું છે.

**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ હોલ, સેક્ટર-૭, ગાંધીનગર.**

**- જ્યોતિષ એમ. ભટ્ટ** (ડેપ્યુટી કલેક્ટર)

**સંગીતા જ્યોતિષ ભટ્ટ | મનીષા નૌતમભાઈ ત્રિપાઠી | તૃપ્તિ અનિશભાઈ દલાલ**



**રેવન્યુ તલાટી ૨૪૮૦ જગ્યાઓ**

કૌશિક રોહિત : (PSI, Dyso, GPSC (પ્રિ), UPSC(પ્રિ) સ્પીપા વગેરે પરીક્ષાઓ ઉર્તીણ) તથા ગાંધીનગરની સફળ ફેકલ્ટી દ્વારા યોગ્ય માગદર્શન

- પધ્ધતિસરની પરીક્ષાની તૈયારી સમય સવારે ૮ થી ૧ ફી ફક્ત ૬૦૦૦/-

**સારથી એકેડમી પ્રાંતિજ** સંચાલક : કૃપેશ બક્ષી મો.૯૯૦૯૭૮૭૮૦૧ ૭૩૮૩૯૬૨૨૩૮

એડ્રેસ :- ડૉ. રમણભાઈ પટેલના દવાખાનાની ઉપર, પ્રાંતિજ,



**જાહેર આભાર**



**શ્રી શંકરભાઈ ચૌધરી**
(માન. મંત્રીશ્રી)



**શ્રી માવજીભાઈ એમ. દેસાઈ**
(ચેરમેનશ્રી એ.પી.એમ.સી.- ડીસા)

બનાસડેરીની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં ''આપણી પેનલ''ને જંગી બહુમતિ સાથે વિજય બનાવવા બદલ જિલ્લાના તમામ મતદારો તેમજ બનાસકાંઠાના પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ વોરા, પ્રદેશ ભાજપ મહામંત્રીશ્રી કે.સી. પટેલ, જિલ્લા ભાજપ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પંડ્યા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી કેશાજી ચૌહાણ સહિતના ભાજપના હોદ્દેદારો, કાર્યકરો, જિલ્લાના તમામ સહકારી અગ્રણીઓ, દૂધ મંડળીઓના ચેરમેન-મંત્રીશ્રીઓ અને પશુ પાલકો તેમજ ''આપણી પેનલ''ને વિજય બનાવવા સાથ સહકાર આપનાર નામી અનામી તમામ વ્યક્તિઓનો અમો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

લિ.

**માવજીભાઈ મગનભાઈ દેસાઈ**

(ચેરમેન - એ.પી.એમ.સી., ડીસા) (ડીરેક્ટર-બનાસડેરી, પાલનપુર)


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com